# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઇન મેમોગ્રાફી સ્ટડી (AIMS)

## સહભાગી માટે માહિતી પત્રક

આ NHS સ્ક્રીનિંગ કેન્દ્ર કોઈ સંશોધન અભ્યાસમાં ભાગ લઈ રહ્યું છે જે કેન્સરના નિષ્ણાતોને સહાય કરતી નવી ટેક્નોલોજીની અજમાયશ કરી રહ્યું છે અને જેમાં NHS બ્રેસ્ટ કેન્સર સ્ક્રીનિંગ બહેતર કરવાની સંભાવના રહેલી છે. અમારું લક્ષ્ય ભવિષ્યમાં, તમને અને અન્ય મહિલાઓને આનાથી પણ બહેતર કેન્સર સ્ક્રીનિંગ સેવા પ્રદાન કરવાનું છે.

**આ સંશોધનનો હેતુ નવી કમ્પ્યુટર સિસ્ટમની ક્ષમતાનું પરીક્ષણ કરવાનો છે જે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) નામથી જાણીતી ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે જે તમારી સ્ક્રીનિંગની મુલાકાત દરમિયાન લેવામાં આવેલી સ્તનની છબીઓ (મેમોગ્રામ)માં કેન્સરના સંભવિત લક્ષણોને શોધવામાં સહાય કરે છે.** આ વિષય પર અમે ઘણું સંશોધન કર્યું છે જેમાં એ સાબિત થઈ શક્યું છે કે આ સ્કૅનમાંથી કેન્સરની ઓળખ કરવામાં આ ટેક્નોલોજી કોઈ નિષ્ણાત રેડિયોલોજીસ્ટ જેટલી જ કુશળ છે. અમારું માનવું છે કે આ ટેક્નોલોજીમાં યુકેમાં બ્રેસ્ટ સ્ક્રીનિંગમાં સચોટતા, સલામતી, ખર્ચની અસરકારકતા અને દર્દીના અનુભવને બહેતર બનાવવાની ઘણી સંભાવના રહેલી છે. NHSની સ્ક્રીનિંગ સેવાઓ અને ચિકિત્સકોને સપોર્ટ કરવામાં પણ એની સીધી ભૂમિકા હોઈ શકે છે. આપણા માટે વાસ્તવિક દુનિયામાં NHSના પરિપ્રેક્ષ્યમાં તેની કામ કરવાની ક્ષમતા સમજવાની જરૂર છે.

**તમારા માટે એ જાણવું ખરેખર મહત્ત્વનું છે કે આ અભ્યાસની તમારી સારસંભાળ પર <u>કોઈ</u> અસર થશે નહીં તેમજ સ્ક્રીનિંગ સેવા સામાન્ય રીતે ચાલુ રહેશે.** જોકે, જો તમે ઇચ્છો કે અભ્યાસમાં તમારી છબીઓનો સમાવેશ કરવામાં ન આવે, તો આ સંશોધનનો ભાગ હોવાનું **તમે નકારી શકો છો** (વિગતો આગલા પેજ પર જુઓ).

તમારા સ્કૅન સહિતના તમામ સ્કૅન તમારા સ્ક્રીનિંગ કેન્દ્રમાં કેન્સરના નિષ્ણાતો દ્વારા સામાન્ય રીતે તપાસવામાં આવશે તેમજ તમારી મુલાકાત પછી આ પરિણામો તમે ટપાલમાં મેળવશો. એ જ સમયે, બૅકગ્રાઉન્ડમાં તમારા સ્કૅન કમ્પ્યુટર સિસ્ટમ દ્વારા વાંચવામાં આવશે, જોકે આ પરિણામો સ્ક્રીનિંગ કેન્દ્રના તમારી સારસંભાળ લેતા કર્મચારી વર્ગથી છુપાવવામાં આવશે.

રિસર્ચ ટીમ તમારું નામ કે તમને ઓળખાવી શકે એવો કોઈપણ ડેટા જોઈ શકશે નહીં તેમજ અભ્યાસનો બધો ડેટા ગોપનીય રહેશે અને તેને સુરક્ષિત રીતે સ્ટોર કરવામાં આવશે.



**આ સંશોધનને અભ્યાસની અવધિ દરમિયાન આ સ્ક્રીનિંગ કેન્દ્રમાં હાજર તમામ મહિલાઓના અનામી સ્કૅનનો સમાવેશ કરવા માટે, NHS દ્વારા નૈતિક મંજૂરીઓ મેળવવામાં આવી છે.** આનો અર્થ એ છે કે તમારા સ્કૅન આ અભ્યાસનો ભાગ રહેશે તેમજ અમે શરૂઆતમાં વર્ણવેલી ટેક્નોલોજી દ્વારા વાંચવામાં આવશે. આ અભ્યાસમાં તમારી સહભાગિતા માટે અમે ખરેખર આભારી છીએ કારણ કે આનો અર્થ એમ છે કે આ ટેક્નોલોજીને શક્ય તેટલી વિવિધતાથી પરીક્ષણ કરવા માટે અમે વૈવિધ્યભરી જનસંખ્યાનો સમાવેશ કરી શકીશું. **જોકે, જો તમે ઇચ્છો કે અભ્યાસમાં તમારી છબીઓનો સમાવેશ કરવામાં ન આવે, તો આ સંશોધનમાં હાજરી આપો એ પહેલાં અથવા તમારી સ્ક્રીનિંગ મુલાકાતની 3 મહિનાની અંદર તમે ઘણી સરળતાથી આ સંશોધનનો ભાગ થવાનું નકારી શકો છો અને આનાથી તમારી સારસંભાળમાં કોઈપણ રીતે કોઈ અસર થશે નહીં.** નકાર આપવા માટે, કૃપા કરીને અમારી વેબસાઇટ **www.imperial.ac.uk/aiscreening**ની મુલાકાત લો અથવા **0203 313 0147** પર અમને કૉલ કરો. જો તમે તમારી સ્ક્રીનિંગ મુલાકાત પછી આ અભ્યાસના ભાગ રહેવાનું નકારો, તો બની શકે છે કે અભ્યાસ માટે તમારા ડેટા પર પહેલેથી પ્રક્રિયા કરી લેવામાં આવી હોય. આ અભ્યાસમાંથી તમારો ડેટા કાઢી નાખવાની અમે ખાતરી કરીશું અને આમ કરવામાં આવ્યું હોવાનું કન્ફર્મેશન તમને આપીશું.

આ સંશોધન ઇમ્પિરિયલ કૉલેજ લંડન, સૅંટ જ્યોર્જનું યુનિવર્સિટી હૉસ્પિટલ NHS ફાઉન્ડેશન ટ્રસ્ટ, ઇમ્પિરિયલ કૉલેજ હેલ્થકૅર NHS ટ્રસ્ટ અને રોયલ સરે NHS ફાઉન્ડેશન ટ્રસ્ટ તેમજ ટેક્નોલોજી ભાગીદાર તરીકે Google Health વચ્ચેનો આ એક સહયોગ છે. Google Healthનું રિસર્ચ ગ્રૂપ બ્રેસ્ટ કેન્સરના સ્ક્રીનિંગ અને નિદાનમાં સહાય તરીકે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગની શક્યતા વિશે શોધખોળ કરી રહ્યું છે. યુકેનું નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફૉર હેલ્થ રિસર્ચ (NIHR) દ્વારા યુકેમાં બ્રેસ્ટ સ્ક્રીનિંગ પ્રોગ્રામમાં આ ટેક્નોલોજી શું કોઈ રીતે સહાય કરી શકે છે કે નહીં તે સમજવા આ રિસર્ચ પ્રોજેક્ટને ફંડ પ્રદાન કરવામાં આવ્યું છે.

આ અભ્યાસનો રિવ્યૂ કૉન્ફિડેન્શિયાલિટી ઍડવાઇઝરી ગ્રૂપ (CAG) દ્વારા કરવામાં આવ્યો છે. CAG એ સામાન્ય લોકો અને વ્યાવસાયિકોનું એક સ્વતંત્ર ગ્રૂપ છે જે કોઈ સંમતિ વિના દર્દીની ગોપનીય માહિતીના વપરાશ સંબંધી નિષ્ણાત સલાહ પ્રદાન કરે છે. આ અભ્યાસને સપોર્ટ આપવામાં આવે એવો CAGનો સુઝાવ છે તેમજ હેલ્થ રિસર્ચ ઓથોરિટીના નિર્ણયકર્તાઓ દ્વારા આને મંજૂરી આપવામાં આવી છે.

**અમે કોઈ ટૂંકો વીડિયો બનાવ્યો છે જે અભ્યાસમાં આગળ વધવાની રીત અને ભવિષ્યમાં ટેક્નોલોજીની ભૂમિકા, એમ બન્ને વિશે વિગતવાર જણાવે છે. આ વીડિયો તમે અમારી વેબસાઇટ પર જોઈ શકશો.**

આ અભ્યાસ અને તમારા ડેટાનો ઉપયોગ કરવાની રીત સંબંધી વધુ માહિતી માટે, સ્ક્રીનિંગ સાઇટ પર કોઈ વિગતવાર માહિતી પત્રકની કૉપિ ઉપલબ્ધ રહેશે અથવા QR કોડ કે અહીં આપેલી લિંક વડે કૃપા કરીને અમારી વેબસાઇટની મુલાકાત લો: www.imperial.ac.uk/aiscreening

## અભ્યાસ વિશે મુખ્ય માહિતી

**અભ્યાસના સ્પૉન્સર:** ઇમ્પિરિયલ કૉલેજ લંડન

**અભ્યાસના ફંડકર્તા:** નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફૉર હેલ્થ રિસર્ચ

**મુખ્ય તપાસકર્તા:** પ્રોફેસર અરા ડારઝી, ઇન્સ્ટિટ્યૂટ ઑફ ગ્લોબલ હેલ્થ ઇનોવેશન, ઇમ્પિરિયલ કૉલેજ લંડન, દસમો માળો, ક્વીન એલિઝાબેથ ધ ક્વીન મધર વિંગ, સૅંટ મેરી, લંડન, W2 1NY

**ઇમેઇલ:** aimstrial@imperial.ac.uk